સરદાર પટેલને બ્રધર ઓફ ધ નેશનનું બિરૂદ મળવું જોઈએ : ચેતન ભગત

ગાંધીનગર, તા. ૪

ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટના પ્રારંભે બિઝનેસ કાય વિવેક બ્રિન્દ્રા, પ્રખર વક્તા કુમાર બિન્ધાસ, પ્રખવ વક્તા જય વસાવડા, કામલ ઔઝા વેદ્યાએ પોતાના વિચારો રજૂ કર્યા છે. જ્યારે આજે

બિઝનેસ કોચ અને સફળ લેખક ચેતન ભગતે યુવાનો સમક્ષ પોતાના વિચારો રજુ કર્યા હતા. જ્યા તેમણે સરદાર પટેલને બ્રધર ઓફ ધ નેશન ગણાવ્યા હતા.

નગરમાં યોજાયેલ ત્રિદિવસિય પાટીદાર સમિટમાં સફળ લેખક ચેતન ભગત ઉપસ્થિત રહ્યા હતા. તેમના વક્તવ્યની શરૂઆત તેમણે ઈન્ટાગ્રામ લાઈવથી કરી હતી અને જણાવ્યું હતું કે પહેલાના સમયમાં જ્યારે સોશિયલ મિડીયા ન હતુ ત્યારે સરદાર પટેલ એ દરજીનું કામ કર્યુ હતુ. તેમણે દરેક પ્રજાજનોને રૂબરૂ જઈ ભેગા કર્યા હતા અને ભારતને સિવ્યુ હતુ. જેમ ફાધર ઓફ ધ નેશન છે તેમ બ્રધર ઓફ ધ નેશન પણ હોવુ જોઈએ અને આપણા સરદાર પટેલ બ્રધર ઓફ ધ નેશન છે. ભારતમાં સારામા સારી રીતે જીવવા માટે વધુ નહી પણ દરેક વ્યક્તિની માથાદીઠ આવક ઓછામાં

દેશની પ્રજાએ આમતેમ આંદોલન કરવાની જગ્યાએ દેશની ઈકોનોમી પર ધ્યાન આપવાની જરૂર છે : સપના જોવા એ સમય મર્યાદા વગરનો એક વિચાર છે સમય મર્યાદા સાથે નક્કી થાય તો ધ્યેય

ઓછી ૩૦,૦૦૦ હોવી જોઈએ. ભારતના નાગરિકોએ આમતેમ આંદોલન કરવાની જગ્યાએ ઈકોનોમી પર ધ્યાન આપવાની જરૂર છે આમતેમ આંદોલન કરવાથી કાઈ મેળ નહી પડે.

ચેતન ભગત દ્વારા ખાસ યુવાનોને સંબોધીને સાત શબ્દોના અર્થ સમજાવ્યા હતા જેમાં સફળતા, ધ્યેય, લાંબો પ્રયત્ન, દુઃખ, વિક્ષેપ, પ્રેમ નિષ્ફળતાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જ્યા તેમણે ઉમેર્યુ હતુ કે સફળતા દરેકને મળે છે પરંતુ તેની વ્યાખ્યા દરેક માટે અલગ અલગ હોય છે, જીંદગીમાં આગળ વધવા માટે સપના અને ધ્યેય વચ્ચેનો ભેદ સમજવો જરૂરી છે. સપના એ સમય મર્યાદા વગરનો વિચાર છે અને ધ્યેય એ સમય મર્યાદા

● અનુસંધાન પાન-૭ પર

પુષ્પનું સૌંદર્ય - પુષ્પ સૌંદર્યતાનું પ્રતિક છે... પરમ તત્વની કૃપાનું પ્રતિક છે... પૃથ્વી પર સૌંદર્ય પ્રગટાવી જીવમાત્રને સુંદરતાનો સ્પર્શ પુષ્પના માધ્યમથી થાય છે... બાગ-બગીચાઓમાં ટહેલવાનો હેતુ સૌંદર્યતાની અનુભૂતિનો છે... છેલ્લા સાત વર્ષથી અમદાવાદના આંગણે ફલાવર-શો અમદાવાદીઓ ઉપરાંત રાજ્યના પ્રકૃતિ પ્રેમીઓ અને પુષ્પ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયો છે...

ધોળાકુવા ખાતે ડે. મેયર પાણી પુરવઠાની ટીમ સાથે પહોંચ્યા

પાણીનો પ્રશ્ન સત્તાધીશો માટે હવે શિરદર્દ બની રહ્યો છે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામમાં ઉભી થયેલી પાણીની સમસ્યાના નિવારણ માટે તંત્ર હરકતમાં આવ્યુ છે.

ગામની મહિલાઓનો ગઈકાલે મનપાની કચેરીએ આવેલ મોરચા પછી આજે ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર પાણી પુરવઠાના અધિકારીઓ સાથે તેમના વિસ્તારમાં આવતા આ ગ્રામ્ય વિસ્તારની સમસ્યાના ઉકેલ માટે પહોંચ્યા હતા. તેમણે તંત્રની ટીમને કેટલાક સૂચનો પણ કર્યા હતા એટલુ જ નહિ સતત મોનીટરીંગ પાણી પુરવઠાના ફોર્સને લઈ કરવા માટે પણ જરૂરી સૂચના આપી હતી. જો કે ગાંધીનગર શહેરના જુના સેક્ટરોમાં પણ પાણી પુરા ફોર્સથી આવતુ નથી તેમજ ડહોળા પાણીની સમસ્યા પુનઃ શહેરનો ભરડો લઈ રહી છે. આ સંજોગોમાં પાણી પુરવઠા વિભાગને લઈ કમિશ્નરશ્રીની કક્ષાએ પણ ખાસ બેઠક થાય તે જરૂરી છે. નવા સેકટરોમાં પણ પાણીજન્ય રોગચાળાના કેસો જે રીતે મળી રહ્યા છે તે જોતાં પરિસ્થિતિ વણસે તે પહેલાં તંત્ર પગલાં લે તેવી હવે જનતા પણ માંગ કરી રહી છે.

આજે સે-૧૧ રામકથા મેદાનમાં માધ્યમિક શિક્ષકોનુ અધિવેશન

સમગ્ર રાજયમાંથી ૫ હજાર જેટલા શિક્ષકો ઉપરાંત શિક્ષણમંત્રી અને ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહેશે

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં આજે સે-૧૧ રામકથા મેદાન ખાતે માધ્યમિક શિક્ષકોનુ અધિવેશન યોજાશે સમગ્ર રાજયમાંથી અંદાજિત ૫ હજાર જેટલા શિક્ષકો , શિક્ષક સહાયકો તેમજ સંકલન સમિતિના હોદેદારો પણ હાજર રહેશે. આ અધિવેશનમાં શિક્ષણમંત્રી સહીત શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ હાજરી આપશે. શિક્ષણને અશરકારક તેમજ મજબુત બનાવવા માટેની ભાવિ રણનીતિ ઘડવા માટે પણ ચિંતન કરાશે.

ગુજરાત માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનુ શૈક્ષણિક અધિવેશન તા ૫ જાન્યુઆરીના રોજ સે-૧૧ રામકથા મેદાન ખાતે યોજાશે.જેમાં ગુજરાતના ૩૩

● અનુસંધાન પાન-૭ પર

શહેરી વિસ્તારના ગામોમાં ગટર લાઈનનુ બાકી કામ પુર્ણ કરાશે

કેટલાક ભાગોમાં જોડાણ વધુ હોય તેવા કિસ્સામાં લાઇન અપગ્રેડ કરાશે : ૧.૨૦ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૪

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં ગટર લાઈનનુ બાકી કામ પુર્ણ કરવા માટે આયોજન કરાયુ છે. શહેરી વિસ્તારના ગામોમાં ગટર લાઈનનુ કામ મંજુરી કરી દેવાયુ છે. જયારે આ કામગીરી અન્વયે ગામોના કેટલાક વિસ્તારમાં લાઈન અપગ્રેડ કરાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧.૨૦ કરોડનો ખર્ચ કરાશે.

શહેરી વિસ્તારના ગામોમાં માળખાગત સુવિધાના કામોનુ હજુ પણ ઠેકાણુ પડ્યુ નથી. શહેરી વિસ્તારના ગામોમાં પાણી , ગટર અને લાઈટના કામો હજુ બાકી છે. અલબત્ત આ સુવિધા પુર્ણ રૂપે નથી. જેના લીધે સ્થાનિક ગ્રામજનો પણ વારંવાર આ મામલે સંબંધિત વિભાગને રજુઆત કરે છે. પાણીનો પ્રશ્ન પણ હજુ ઉકેલાયો નથી. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં વારંવાર પાણીની પોકાર ઉઠવા પામે છે.જેને અનુલક્ષી તંત્ર દ્વારા પાણીનો નવો બોર તેમજ સંપ અને ટાંકીના નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે હવે આગામી દિવસોમાં પાણીની પાઈપલાઈનનુ કામ પણ હાથ ધરાશે. શહેરના પાંચેય ગામોમાં છેલ્લા ઘણાં સમયથી ગટર લાઈનની કામગીરી અધુરી હોવાનો આક્રોશ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. અગાઉ પણ ગટર લાઈનનુ કામ સંભાળતી એજન્સીને બ્લેક લીસ્ટ કરી દેવામાં આવી હતી. આ એજન્સીએ ગટર લાઈનની કામગીરી સંદર્ભે ઠેર ઠેર ખોદકામ કરી દીધુ હતુ અને કામ પણ પુર્ણ કર્યુ ન હતુ. ગામોની ટોપોગ્રાફી પણ પાણી ગટર લાઈનની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાથી અનેક પ્રશ્નો ઉઠવા પામે છે. માર્ગ મકાન વિભાગ દ્વારા આ સ્થિતિને ધ્યાને લઈ ગટર લાઈનનુ કામ પુર્ણ કરવા માટે આયોજન કરાયુ છે. આ કામગીરી અન્વયે શહેરી વિસ્તારના ગામોમાં ગટર લાઈનનુ બાકી કામ હાથ ધરાશે. અમુક ભાગોમાં જુની અને સાંકડી લાઈન બદલી નવી લાઈન પણ નાંખવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧.૨૦ કરોડનો ખર્ચ કરાશે.

સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ ૬ મહિનાથી અટવાયુ

સરકારી પ્લાન્ટમાંથી જિલ્લાના કામો હાથ ધરાયા હોવાથી હજુ સુધી કામગીરી થઇ શકી નથી

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં સેકટરોના રસ્તાઓ છેલ્લા ઘણાં સમયથી ઉબડ ખાબડ છે. જુના સેકટરોના આંતરિક માર્ગોની બાકી કામગીરીની દરખાસ્ત લાંબા સમયથી વિભાગ કક્ષાએ ધુળ ખાય છે જયારે નવા સે-૬ થી ૮ માં સેકટરોના આંતરિક માર્ગોનુ કામ મંજુર થયા બાદ ૬ મહીનાના અંતે શરૂ પણ કરી શકાયુ નથી .આ કામગીરી અગાઉ સરકારી પ્લાન્ટમાંથી કરવાનો નિર્ણય લેવાયો હતો. જયારે હાલ જિલ્લાના રસ્તાના કામો પણ હાથ ધરાયા હોવાથી શહેરી વિસ્તારમાં આ પ્લાન્ટમાંથી કામ કરવુ મુશ્કેલ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. ત્યારે આ કામગીરી અમદાવાદના પ્લાન્ટના આધારે હાથ ધરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણાં સમયથી રસ્તાના કોમો ઠપ્પ થઈ ગયા છે. જયારે જિલ્લાને જોડતા વિવિધ માર્ગોનુ કામ પુરજોમાં ચાલી રહ્યુ છે. જિલ્લામાં વિવિધ ઠેકાણે માર્ગ સુધારણા તેમજ વાઈડનીંગના કામોને તબક્કવાર મંજુરી અપાતા કામ પણ ચાલી રહ્યુ છે. જયારે જિલ્લાના માર્ગોનુ કામ પણ સરકારી પ્લાન્ટમાંથી હાથ ધરાયુ હોવાથી સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હજુ સુધી હાથ ધરવામાં આવી નથી. શહેરના નવા અને જુના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાના કામો હજુ બાકી છે. સે-૬ થી ૮ માં આંતરિક માર્ગોનુ કામ હજુ પણ હાથ ધરાયુ નથી જયારે જુના સેકટરોમાં બાકી કામગીરીને અનુલક્ષી લાંબા સમયથી દરખાસ્ત અધ્ધરતાલ છે. જો કે નવા સેકટરોમાં મંજુર થયેલા રસ્તાની કામગીરી છેલ્લા ૬ મહીનાથી થઈ શકી નથી. માર્ગ સુધારણાનુ આ કામ સરકારી પ્લાન્ટમાંથી હાથ ધરવા માટે પણ વિભાગ કક્ષાએ આયોજન કરવામાં આવ્યુ છે. પરંતુ સરકારી પ્લાન્ટમાંના આધારે હાલ જિલ્લાના રસ્તાના કામો પણ ચાલતા હોવાથી હવે તંત્ર દ્વારા અમદાવાદના પ્લાન્ટને અનુલક્ષી માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. આગામી બે સમાહમાં રસ્તા સુધારણાની કામગીરી શરૂ કરી દેવામાં આવશે.

બેસણું

ગાંધીનગરથી **મોહનભાઈ આત્મારામ પ્રજાપતિ (નિવૃત પ્રિન્સીપાલ, કર્મચારી શિક્ષણતીર્થ ઉચ્ચતર માધ્યમિક શાળા, અમદાવાદ)** ના જય શ્રીકૃષ્ણ, મારા ધર્મપત્નિ **અ. સૌ. રમીલાબેન મોહનભાઈ દલવાડી (નિવૃત નાયબ સચિવ, સચિવાલય)** તા.૩-૦૧-૨૦૨૦ને શુક્રવારના રોજ શ્રીજી શરણ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૫-૦૧-૨૦૨૦ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે** રાખેલ છે.

સ્થળ : બલરામ મંદિર પરિસર, ઉમીયા મંદિર સામે, સેક્ટર-૧૨/ડી, ઘ રોડ, ગાંધીનગર. ૯૮૨૫૭ ૩૧૫૩૧, ૯૯૨૫૨ ૨૫૬૧૨

ડો. શ્રીકાંત મોહનભાઈ દલવાડી	ડો. જીજ્ઞા શ્રીકાંત દલવાડી
અલ્પેશ મોહનભાઈ દલવાડી	ધર્મિષ્ઠા અલ્પેશ દલવાડી

પાટનગર ગુરૂ બ્રાહ્મણ સમાજ ગાંધીનગર

કાર્યાલય : બ્લોક નં. ૧૨/૧, છ-ટાઈપ, સેક્ટર-૨૧, ગાંધીનગર. મો. ૯૭૩૭૭૩૮૨૮૬

પાટનગર ગુરૂ બ્રાહ્મણ સમાજ દ્વારા પરિચય પુસ્તિકા પ્રસિદ્ધ કરવા અંગે.

ગાંધીનગર શહેર ખાતે ગુરૂ બ્રાહ્મણ સમાજની પરિચય પુસ્તિકા પાટનગર ગુરૂ બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરવાની હોવાથી આ અંગે નિયત તૈયાર કરેલા અરજી પત્રકમાં જરૂરી માહિતી ઘરના વડા દ્વારા ભરીને તા. ૨૦/૧/૨૦૨૦ સુધીમાં નીચે જણાવેલ સંસ્થાના હોદેદારો પાસેથી મેળવીને સમયસર ભરીને પહોંચતા કરવા વિનંતી.

શ્રી સુખાનંદ એચ. શ્રીમાળી	પ્લોટ નં. ૯૫૧/૧, સેક્ટર-૨સી, ગાંધીનગર. મો. ૯૪૨૯૬૦૦૧૯૧
શ્રી ત્રિભોવનદાસ જી. શ્રીમાળી	૨૪/બી, રો.હાઉસ, હરિનગર, વાવોલ, મો. ૯૪૨૯૧૨૯૪૮૪
શ્રી રીન્કુભાઈ કે. શ્રીમાળી	બ્લોક નં. ૯૮/૩, જ-ટાઈપ, સે.૧૭, ગાંધીનગર, મો. ૯૯૨૪૩૪૬૬૩૬
શ્રી મહેન્દ્રભાઈ જે. શ્રીમાળી	એમ.આઈ.જી. ૭૭૫ સરદાર પટેલ હાઉસીંગ, સેક્ટર-૧૪, ગાંધીનગર મો. ૯૮૨૫૨૭૦૩૧૪
શ્રી કનુભાઈ એમ. શ્રીગોડ	પ્લોટ નં. ૪૨૮/૨,સેક્ટર-૧૩, ગાંધીનગર. મો. ૯૪૨૮૩૫૫૭૩૫
શ્રી કિશોરકુમાર કે. શ્રીમાળી	બ્લોક નં.૧૨/૧, છ-ટાઈપ, સે.૨૧, ગાંધીનગર. મો. ૯૭૩૭૭૩૮૨૮૬
શ્રી ભરતભાઈ પી. શ્રીગોડ	બ્લોક નં.૩/૧, જીઈબી કોલોની, સેક્ટર-૩૦, ગાંધીનગર. મો. ૯૨૬૫૧૨૭૬૩૩

સહી/-
(સુખાનંદ એચ. શ્રીમાળી)
કન્વીનર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

નાયબ મ્યુનિ. કમિશ્નર સે. ૨૧માં બનાવટી ગ્રાહક બનીને ગયા..!

પ્લાસ્ટીકની બેગમાં મગ લીધા; ૬ વેપારીઓ પાસેથી ૩ કિલો જેટલો પ્લાસ્ટિકનો જથ્થો કબ્જે લીધો

ડગાંધીનગર, તા. ૪

આગામી દિવસોમાં સ્વચ્છતા સર્વેક્ષણ માટે આવી રહેલી ભારત સરકારની ટીમને લઈ હરકતમાં આવેલ મનપાના તંત્રએ તેની તૈયારીઓ વેગીલી બનાવી છે.

આજે મનપાના નાયબ મ્યુનિ. કમિશ્નર દવે સવારે આ માટે ખાસ રાઉન્ડમાં પણ નીકળ્યા હતા. તેમણે બનાવટી ગ્રાહક બની ૧૦૦ ગ્રામ મગની ખરીદી કરી તો વેપારીએ તેમને પ્લાસ્ટીકની બેગમાં તે પેક કરીને આપ્યા હતા.

સીંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ હોવા છતાં પ્લાસ્ટીકની બેગમાં મગ પેક કરી આપતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા. સે. ૨૧માં ફરજ બજાવતા મનપાના કર્મીઓની ટીમ તેમણે બોલાવી હતી. આ પછી ૩ જેટલા વેપારીઓ જે કરિયાણાના છુટક વેપાર સાથે સંકળાયેલા હતા તેના સહિત છ જેટલા વેપારીઓ પાસેથી પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત લઈ તેમની સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.

સ્વચ્છતા સર્વેક્ષણ અંગે લોકોને જાણકારી છે કે નહિ તે બાબતે પણ અજાણ્યા વ્યક્તી તરીકે પુછપરછ કરી જાણકારી મેળવી હતી.

નવા નાયબ મ્યુનિ. કમિશ્નરના આ નવતર અભિગમ પછી તંત્ર અને વેપારી આલમ પણ ચોકન્ન થયુ છે. શહેરમાં અત્યાર સુધીમાં સાત હજાર કિલોથી વધુનો પ્લાસ્ટીકનો જથ્થો કબ્જે કરી ૩ લાખથી વધુનો દંડ વસુલ કરવામાં આવ્યો છે જે નોંધનીય છે.

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અંગે અસરકારક અમલીકરણને લઈ તંત્રએ ખાસ રોડમેપ પણ તૈયાર કરી દીધો હોવાનું જાણવા મળેલ છે.

સ્વચ્છતા સર્વેક્ષણમાં બીજા ત્રિમાસિક ગાળાને અંતે ગાંધીનગર મનપા ૧૪૭મા સ્થાને આવ્યુ છે અને હવે મનપાએ મોટા કુદકા માટે મન બનાવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

સરકારના કર્મયોગીઓને અપાતી ૧૦ પેશગીઓ રદ કરાઈ

ગાંધીનગર, તા. ૪

રાજ્ય સરકારના નાણાં વિભાગે કર્મચારીઓને અપાતી જુદી જુદી ૧૦ પેશગીઓ રદ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

જે પેશગીઓ રદ કરવામાં આવી છે તેમાં સાયકલ ખરીદવા માટેની પેશગી, પંખા ખરીદવા માટેની પેશગી, તહેવાર પેશગી, રજા-પગાર પેશગી, નોકરી દરમ્યાન મૃત પામેલ કર્મચારીના કુટુંબને તાત્કાલિક નાણાંકીય રાહત પુરી પાડવાની પેશગી, નોકરી દરમ્યાન મૃત્યુ પામેલ કર્મચારીના કુટુંબને વતન પ્રવાસના ખર્ચને પહોંચી વળવાની પેશગી, બદલી વખતે આપવામાં આવતી પેશગી અને ખાતાકીય હેતુઓ માટેની પેશગીનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારના નાણાં વિભાગે તાજેતરમાં આ અંગેના જરૂરી હુકમો કરી અને તેનો આદેશ પણ જારી કરી દીધો છે.

બંગલો વેચવાનો છે

સરગાસણમાં સારા લોકેશનમાં પ્રમુખ ઝીઓન બંગલો છ-૧૦, ૨૩૫ વાર બાંધકામ, ૨૦૫ વારનો પ્લોટ, ૩ બેડરૂમનો બંગલો વેચવાનો છે.

મો. ૯૮૨૪૫૪૩૧૯૫
મો. ૯૮૨૪૫૪૨૬૭૦

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com